Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૩૭ • તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૬ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## જ્ઞાતિની ૧૧૨ વર્ષીય શૈક્ષણિક સંસ્થા
## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. વિદ્યાર્થીગૃહનું
## નવું સંસ્કરણ : મ્યુનિસિપલ કાર્યવાહી સંપૂર્ણતાને આરે



રોડ તરફથી દેખાતું મકાનનું દૃશ્ય

**ઉઘડી રહ્યું છે પ્રભાત....**
**ઝળહળશે જ્ઞાતિ આકાશ !**



પાછળની બાજુનું દૃશ્ય

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

મુંબઇના રાજરાજેશ્વર
દેવાધિદેવ શ્રી અનંતનાથ દાદા



જ્યાં દેવાધિદેવના બેસણા છે એવું ગગનચુંબી ભવ્ય
શિખરબદ્ધ દેવ વિમાન તુલ્ય જિનાલયની ૧૮૩મી ધ્વજા મહોત્સવ

















KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦ ૦૦૯.**

## વાર્ષિક અહેવાલ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ્સ**ના વહીવટ માટેના ટ્રસ્ટ બોર્ડ નવી ટીમે તા. ૦૧.૦૪.૨૦૧૫થી સંભાળેલ. નવી ટીમમાં અનુભવી વડીલ અને પૂર્વગ્રહ રહીત નવા તેમજ વ્યાપાર અને સામાજીક ક્ષેત્રે સફળ એવા સભ્યોનું સુયોગ્ય મિશ્રણ છે. નવા ટ્રસ્ટ બોર્ડે જ્ઞાતિ સેવા અને જ્ઞાતિ ઉત્થાનના ધ્યેય સાથે મૂક પણે કાર્ય કરવાનું નક્કી કર્યું.

ટ્રસ્ટના કાર્ય ક્ષેત્રે જ્ઞાતિના દેરાસરો, મિલ્કતો, દેવદ્રવ્ય અને સાધારણ ફંડ્સનું વહીવટ છે. આજે અમે ગત વર્ષનો અહેવાલ જ્ઞાતિ સમક્ષ મૂકતા હર્ષ અનુભવીએ છીએ.

### ટ્રસ્ટ હેઠળના દેરાસરો :

૧. **શ્રી અનંતનાથજી દેરાસર-મસ્જીદ બંદર :** ભોંયતળીયે ઇન્ટીરીયરનું કામ, વ્યાખ્યાન હોલ નજીક સુવિધારૂમનું બાંધકામ તથા સમગ્ર માળખામાં રખરખાવનું કામ નિયમિત રૂપે થાય છે. દેરાસરના ભંડારો નિયમિત રૂપે ખાલી કરાય છે. બધા ધાર્મિક કાર્યો શ્રી મસ્જીદબંદર સંઘના સહકારથી ઉત્સાહપૂર્વક ઉજવાય છે.

૨. **શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ**ના સમગ્ર માળખામાં રખરખાવનું કામ નિયમિત રૂપે થાય છે. ધાર્મિક કાર્યોની ઉજવણી શ્રી ભાંડુપ સંઘના સથવારે અનેરા ભક્તિભાવથી ઉજવાય છે.

૩. **શ્રી અનંતનાથજી ગૃહ ચૈત્ય-ઘાટકોપર**માં દૈનિક કાર્યક્રમો ભક્તિભાવથી ઉજવાય છે. પર્યુષણ વખતે GVC સંઘના સહકારથી રાષ્ટ્રીય શાળાના હોલમાં બધાજ ધાર્મિક કાર્યક્રમો જેવાકે વ્યાખ્યાન, સ્વપ્ન ધૃત ઉછામણી, પ્રતિક્રમણ વગેરે ભક્તિભાવથી ઉજવાય છે. નૂતન જિનાયલનું કામ અટવાયેલું છે. પૂર્વે થયેલ ભૂમિ પૂજન અને શિલાન્યાસ કાલબાહ્ય થતાં નવા મુહૂર્ત માટે બિલ્ડરનો સતત સંપર્ક કરવા પ્રયત્ન કરીએ છીએ પણ બિલ્ડર એક યા બીજા બહાના હેઠળ મીટીંગ ટાળતા રહ્યા છે.

૪. **અનંત કોમ્પ્લેક્સ ગૃહ ચૈત્ય :** સ્થાનિય શ્રી સંઘના સહયોગથી ધાર્મિક કાર્યો સુચારૂ રૂપે નિયમિત પણે ઉજવાય છે.

૫. **કુમઠા તથા વાલગીરી** સ્થિત જિનાલયોમાં રીપેરીંગ તથા મૂર્તિઓની વિલેપન તથા ઓપનું કામ કરાવેલ, હવે રંગરોગાનનું કામ હાથ ધરાશે. લગભગ ૫૦ વર્ષો પછી શ્રી ગદગ તથા હુબલી સંઘના સથવારે ૧૨૫ જ્ઞાતિજનોની હાજરીમાં ધ્વજા મહોત્સવ ખૂબજ ઉલ્હાસપૂર્વક ઉજવેલ.

૬. **આરીખાણા જિનાલય** જીર્ણોદ્ધારનું કામ કરવાનું વિચારેલ છે. ગામવાસીઓ સાથે સલાહ-મશહુરો કરી આગળ વધશું.

૭. **રાણપર**વાસીઓની વિનંતીને માન આપી જિનાલયના જીર્ણોદ્ધારનું કામ નિરધારેલ છે, મેં માસની ૩-૪ તારીખેથી વિધિ-વિધાન પ્રમાણે કામ શરૂ થયેલ છે.

### ટ્રસ્ટની મિલ્કતો :

- **મસ્જીદ બંદર** વિસ્તારમાં ટ્રસ્ટની માલિકીની ૧૪ મિલ્કતો છે. આ ટ્રસ્ટ બોર્ડે નિર્ણય લીધો છે કે જે જે રહેઠાણો વેંચાણમાં નીકળે તે ખરીદી લેવા, તો એક રહેઠાણ ખાલી થતા ખરીદી લીધેલ અને યોગ્ય સમારકામ કરી તેને જ્ઞાતિ ઉપયોગાર્થે લેશું. જુનુ અને નવું **અનંતભુવન**, **અનંતનિવાસ**માં આપણી વસ્તી છે. ત્યાં ભાડૂતો સાથે મિટીંગો કરી યોગ્ય તે રીપેરીંગ, પાણી ગળતર રોકવાના કામો હાથ ધરેલ છે. **અનંતભુવન**ના નૂતનીકરણની શક્યતાઓ પણ તપાસી રહ્યા છીએ.
- ભાંડુપ સ્થિત **અનંતસિધ્ધિ** પણ જર્જરિત થયેલ છે તેનું પણ સ્ટ્રક્ચરલ ઓડીટ કરાવેલ છે અને ભાડૂતો સાથે પ્રાથમિક મિટીંગ પણ યોજેલ. કાયદાઓની આંટી-ઘૂંટીમાંથી પાર ઉતરીને શક્ય બનશે તો પુનઃ નિર્માણનું કાર્ય હાથ ધરશું અથવા ભાડૂતોના સહકારથી રિપેરીંગનું ભગીરથ કાર્ય તો તુરંતમાજ હાથ ધરવું પડશે.
- **અનંત કોમ્પ્લેક્સ**-કાંજુરમાર્ગની મિલકત કાયદાકિય કેસ કાર્યવાહીમાં અટવાયેલ છે અને હવે વહેલી તકે સુનવણી થવાની ઉમ્મિદ છે.
- **કુમઠા-વાલગીરી** સ્થિત મિલ્કતો વાડીઓમાં જરૂરી સુધારા વધારા કરી, કૂવાઓ ઊંડા કરી, નવા રોપાઓ રોપી આવકમાં વધારો કરવાની કાર્યવાહી ચાલુજ છે.

❖ **માંડવી** સ્થિત શ્રી નરશી નાથા ધર્મશાળાના બાકી રહેતા રૂમો ખાલી કરાવી કબ્જો લેવાની વાટાઘાટો/પ્રયત્નો ચાલુ જ છે.

**આવાસ યોજના :**

મુંબઇ શહેરમાં રહેવાશની સમસ્યા વિકરાળ બની છે અને આ ટ્રસ્ટ બોર્ડ જ્ઞાતિજનોને સહાય કરવા વિવિધ યોજનાઓ વિચારી રહ્યું છે.

૧. **ભીવંડી :** ટ્રાન્સપોર્ટ લાઇનમાં કામ કરતા જ્ઞાતિજનો માટે ૧૦ રૂમ માટે વાટાઘાટો ચાલુ છે.

૨. **ડોંબિવલી :** માનપાડા રોડ પાસે પણ ઘણા રૂમો માટે વાટાઘાટો ચાલુ છે.

આ યોજનાઓ પર નિર્ણય લેવાતા નિયમાવલીઓ નક્કી કરીશું.

**શૈક્ષણિક સહાયતા :**

❖ ગત વર્ષ દરમ્યાન **રૂા.૧૭,૧૭,૫૦૯/-** ની સહાય કરેલ જેનો લાભ ૩૦ વિદ્યાર્થીઓએ લીધેલ. તદ્ઉપરાંત **શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ટ્રસ્ટ**ને **રૂા. ૫ લાખ** લોન તરીકે તેમજ **રૂા. ૫ લાખ** ડોનેશન સ્વરૂપે આપેલ.

**વૈદ્યકીય સહાયતા :**

❖ **રૂા. ૧૨ લાખ શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**ને તથા **રૂા.૨૧,૦૦૦/- શ્રી ક.દ.ઓ. જૈન નલીયાવાસી મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ**ને મેડીકલ કેમ્પ માટે આપેલ.

**દેવદ્રવ્ય સહાયતા :**

❖ વિવિધ જિનાલયોને કુલ **રૂા.૧૧,૩૯,૮૮૯/-**ની સહાયતા આપેલ.

❖ સાધારણ ખાતા દ્વારે **રૂા.૧૦,૭૭,૫૫૫/-** વિવિધ સંસ્થાઓને સામાજિક, સાધર્મિક સહાયતા પેટે આપેલ.

અમે પારદર્શક રીતે જ કામ કરવામાં માનીએ છીએ, ન કે નાના કામોના ઢોલ વગાડીને... અમે જ્ઞાતિજનોને વિનંતી કરીએ છીએ કે થોડી ધીરજ ધરો, તમારા વિશ્વાસને આંચ નહિ આવે, મીઠા ફળ જરૂર મળશે જ.

## આવાસ યોજના માહિતી પત્રક અહેવાલ

**નિર્ધારીત સમયે ટ્રસ્ટની ઓફીસમાંથી કુલ ૮૧૫ માહિતી પત્રક જ્ઞાતિજનો લઇ ગયા હતા, તેમાંથી અંતિમ તારીખ સુધીમાં માહિતી ભરીને પરત આવેલ અરજી સંખ્યા ૪૫૬ હતી. જેમાં ગામદીઠ માહિતી પત્રકોની સંખ્યા:**

| ગામ | અરજી | ગામ | અરજી | ગામ | અરજી |
|---|---|---|---|---|---|
| આરીખાણા | ૨ | કોઠારા | ૧૩ | રાપર | ૧૧ |
| બાંઢીયા | ૧૦ | કુવાપધર | ૫ | રવા | ૨ |
| બારોઇ | ૨ | લાલા | ૧૭ | સાંયરા | ૧૪ |
| બાયઠ | ૮ | લુણી | ૬ | સાંધાણ | ૪ |
| ભરૂડીયા | ૧૮ | મંજલ | ૧૧ | સાંધવ | ૨૧ |
| દલતુંગી | ૨૫ | મોટી ધ્રુફી | ૧ | સુજાપુર | ૨ |
| ધ્રાફા | ૧ | મોટી ખાવડી | ૨૮ | સુથરી | ૨૬ |
| ડુમરા | ૭ | મોટી સિંધોડી | ૧૫ | તેરા | ૨૧ |
| ગોધરા | ૩ | નલીયા | ૪૯ | વાંકુ | ૩ |
| ગોએરસમા | ૩ | નાની ખાવડી | ૯ | વરાડીયા | ૧૮ |
| ગોરખડી | ૧૮ | નાની સિંધોડી | ૪ | વારાપધર | ૨૦ |
| જખૌ | ૩૨ | પરજાઉ | ૪ | | |
| જસાપર | ૨ | રંગપુર | ૨૧ | કુલ અરજીઓ | ૪૫૬ |

**લિ. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦ ૦૦૯.**

## ક્ષમા વીરસ્ય ભૂષણમ્

પર્વાધિરાજ પર્યુષણના પુનિત પગલા પડ્યા અને આનંદ આનંદ ભયો. તપ-ત્યાગ-દાન-શીલ-ભાવનાના તોરણો લહેરાયા અને જયવંતા જિનશાસનનો જયનાદ ગુંજાયા ત્યારે સવંત્સરી પ્રતિક્રમણ પૂર્વે શ્રદ્ધા, સમર્પણ, શક્તિ અને સ્વભાવથી એક અલૌકિક કાર્ય કરાતું હોય તો એ છે **ક્ષમાપના.** પ્રભુના વચન ઉપર અતૂટ શ્રદ્ધા રાખી ગુરૂવાણીએ સપર્પણ કરી, આત્માની અનંત શક્તિને ખીલવીને માત્ર શબ્દથી નહિં પણ અંતર સ્વભાવથી અને હૃદયથી કરાતી ક્ષમાપના એજ ખરી ક્ષમાપના છે. પ્રભુનું આભૂષણ **'ક્ષમા'** આપણું બની જાય એવો અમૂલ્ય અવસર આ જ છે. જેથી વાક્ય સુધારીને લખી શકાય કે... **'ક્ષમા વીરસ્ય ભૂષણમ્ - ક્ષમા સર્વસ્ય ભૂષણમ્'**.

શ્રદ્ધાના સાગરે, સમર્પણના નીરે, શક્તિના નાવમાં, સ્વભાવના હલેસાથી કરાયેલી ક્ષમા, ભવ તારણહાર બની રહે છે. આ ચારની ચતુર્ભંગી સમગ્ર જ્ઞાતિના આરાધકોને મિચ્છામિ દુક્કડમ્.

લિ. ટ્રસ્ટી ગણ

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા
શ્રી કલ્પેશ માણેકજી મોતા
શ્રી લેરીન વર્ધમાન ખોના
શ્રી હેમરાજ મેઘજી ગોસર
શ્રી જયંત ભવાનજી સોની
શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા
શ્રીમતી માલતી હરીશ ધરમશી
શ્રી ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર
શ્રી બીપીન પાશ્વીર નાગડા
શ્રી ચીમનલાલ હીરજી ખોના
શ્રી કમલેશ મુલચંદ સોની

K.D.O STUDENTS ASSOCIATION

# Shree KDO Students Association

63 Shree KDO Students Association

ESTD : 1954

## Shubharambh navratri 2016

*Let's get on the Floor*

SINGER : **KISHOR MANRAJA** & TEAM
on **Saturday, 24th September 2016**

@ **Dreams Banquet**, 2nd Floor, Dreams Mall,
Near Bhandup Station, Bhandup (W).

**Time : 6:00 PM to 11:30 PM**

**Competitions : Best Dress Male-Female | Best Tambdi Decoration**
**Best Players of :**
4 / 12 Dandiya | Thali Randh | Tambdi Randh | Garba | Gajiyo | Matukdi | Popat
(Above competition depend upon no. of participants, Thali & Tambdi should be arranged by participants)

**Event Partner's**

| | |
|---|---|
| Matushri Champaben Hansraj Dagha Parivar (Varadia-Matunga) | Smt. Pinkyben Kamlesh Dharamshi (Jasapar-Bhandup) |
| Shri Laxmichand Dharshi Mota (Lakhaniya-Wadala) | M/s. D.V. Shipping Pvt. Ltd. |
| Smt. Vijayaben Koovarji Harshi Lodaya Parivar (Rapar Gadhwari-Bhandup) | Matushri Dhanlaxmiben Chandrakant Lodaya (Varapadhar-Vapi) By Kalptaru Roadlines, Avani Print Care |
| **Gift Donor:** Jethabhai Doongarshi Transport Co. (Masjid Bunder) | **Gift Donor :** Stitch_ell-Shri Sandeep Navin Lodaya (Sandhav-Mulund) |

**FOR PASSES CONTACT**

| | | | |
|---|---|---|---|
| **Masjid:** Mittal - 9773008712 | **Kanjur Marg:** Urvesh - 9022023778 | **Navi Mumbai:** Divesh - 9320315561 | **Rest Mumbai:** Shubham-8898451456 |
| **Wadala:** Nirenbhai - 9769917907 | **Bhandup:** Nirav - 7666346732 | **Dombivli (E):** Jaynish - 9819471777 | Limited Passes Pass Distribution on 1st Come 1st Serve Basis |
| **Matunga:** Hetal - 9833779530 | **Mulund:** Riddhish - 8108647645 | **Dombivli (W):** Beena - 7506176319 | |
| **Ghatkopar:** Leenaben - 9769411010 | **Thane:** Urvi - 9757422880 | **Kopar Rd.:** Rishabh - 7303280537 | |

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 37/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# આખુંય વર્ષ પર્યુષણ પ્રભાવ રહો

વર્ષ ૨૦૧૬ના પર્યુષણ નિમિત્તે ચઢતા ભાવે ધર્મ આરાધના થઈ. બારેમાસ ધર્મ આરાધના કરનારાઓએ તો ધર્મ આરાધના કરી જ, પર્વ પર જ ધર્મ આરાધના કરનારાઓમાંથી ય ઘણા આઠ દિવસ નિયમિત દર્શને ગયા, ઘણાએ ચોવિહાર કર્યા, સ્વપ્ન ઝુલાવવા કે પોથીના વરઘોડામાં શામિલ થયા. જે લોકોએ કાંઈ ન કર્યું હોય તેમણે પણ કંઈક કરવાના દિવસો હતા અને પોતે એક યા બીજા કારણસર નથી કર્યું તે બાબત સંવેદનશીલ રહ્યા જેટલી તો જાગૃતિ બતાવી જ.

મિચ્છામિ દુક્કડમ્‌ની ઔપચારિકતા નિભાવવામાં ભાગ્યે જ કોઈએ ક્યાશ રાખી હશે શક્ય છે મોટું સાવંત્સરિક પ્રતિક્રમણ ન પણ કર્યું હોય તોય મિચ્છામિ દુક્કડમ્‌ની વ્યવહાર બરાબર જાળવ્યો હશે.

આપણે એની નોંધ લઈએ કે ન લઈએ આ બધી બાબતોએ એની સૂક્ષ્મ છાપ આપણા પર મૂકી જ હશે, આપણું અને જ્ઞાન-દર્શન-ચારિત્ર્યનું વચ્ચેનું અંતર ઘટાડ્યું જ હશે.

અલબત્ત થાય છે એવું કે પર્યુષણ પૂરા થાય એટલે આપણામાંથી મોટા ભાગના માની લે છે કે બસ બહુ થયું ધર્મ સાથેનું સગપણ પૂરું હવે ફરી રૂટીન વ્યવહાર સાથે જોડાઇએ.

રૂટીન સાથે જોડાવવામાં પણ કાંઈ ખોટું નથી માત્ર શક્ય એટલી વાતોમાં પર્યુષણ દરમિયાન હતી એટલી (ઝાલી નહીં તો થોડી) જાગૃતિ જાળવી રાખવાનો સંકલ્પ કરવાની જરૂર છે. કહે છે કે દીવો પ્રગટે એટલે ભલે એની તાકાત ઓછી હોય તો ઓછા ક્ષેત્રમાં એ પ્રકાશ ફેલાવશે જ થોડો તો થોડો અંધકાર હટાવશે જ. બસ માત્ર થાડી જાગૃતિનો સવાલ છે. એટલું તો આપણે બધા જ કરી શકીએ, કરવું જ જોઇએ.

અલબત્ત આનો થઈ સર્વસામાન્ય વાત જે લોકો વિવિધ મહાજનો, મંડળો કે સંસ્થાઓના માધ્યમથી જાહેર જીવન સાથે સંકળાયેલા હોય એમને માટે પર્યુષણનું વિશેષ મહત્ત્વ રહેવાનું.

આવા લોકો પર્યુષણ નિમિત્તે સૌ કોઈ ધર્મની સારી પેઢે આરાધના કરી શકે એ માટે અનેકાનેક આયોજનો કરતા હોય છે પણ તેમાંના ઘણા પોતે તો ધર્મભાવથી ભીંજાયા વગરના સાવ જ કોરા રહી જાય છે.

આ લોકો માટે પર્યુષણનું વિશેષ મહત્ત્વ એટલા માટે છે કે જાહેર જીવનનું ક્ષેત્રજ એવું હોય છે કે જાણતા-અજાણતા અનેકાનેક ગાંઠો પડવાની શક્યતા અહીં વિશેષ હોય છે.

સર્વ સામાન્ય રીતે જોઇએ તો ત્રણ કારણોસર જાહેર જીવનમાં ક્યારેક દાયકાઓ સુધી જેનાથી આખા સમુદાયને પણ ભોગવવું પડે તેવી ગાંઠ બંધાય છે.

જાહેર જીવનનું ક્ષેત્ર એવું છે કે જ્યાં મતભેદો એટલા ઉગ્ર હોવાના કે જરા જેટલી જાગૃતિ ન રહે તો તે મતભેદો મનભેદો સુધી વિસ્તરવાના.

વળી અહીં બેઠકો થોડીને ઉમેદવાર વધારે હોય એટલે પણ એકબીજાને પછાડવાની વૃતિ રાખવી પડતી હોય છે.

બીજી વાત એ છે કે પત્રકારો પોતાનું કર્તવ્ય નીભાવતા નીભાવતા જાહેર જીવનમાં પડેલાઓ સર્વસામાન્ય અપેક્ષાઓ પ્રમાણે વર્તતા નથી કે એમના કર્તવ્ય પ્રત્યે સમાન નથી એવી ટકોર કરવાના. ક્યારેક પત્રકારો એવી પણ ટકોર કરવાના કે જાહેર જીવનમાં પડેલા ભૂતકાળની ઉચ્ચ પરંપરાનું કે ભવિષ્ય ઉજ્જવળ હોય તેનું ધ્યાન રાખતા નથી.

આ બધી વાતો આમ તો મતભેદ જ ગણી શકાય પણ અહીંય જરા જેટલી જાગૃતિ ન રહે તો એ મતભેદ મનભેદ બની શકે છે.

તેવી રીતે જાહેર જીવનમાં આવેલા જનતાને આંજી દેવા ઈચ્છવાના અને સામે પક્ષે જનતા માત્ર આગેવાનો પૂરી કરી શકે તેવી જ નહીં પણ પૂરી કરવી અઘરી કે અશક્ય હોય તેવી અપેક્ષા પણ રાખવાની, તેને કારણે બન્ને વચ્ચેના નાતામાં હંમેશા તંગદીલી રહેતી હોય છે.

જાહેર જીવનમાં પડેલાઓએ વેરભાવ ન રાખવાની ક્ષમાપનામાંની અંતર્ગત વાત ખાસ ધ્યાનમાં લેવી રહી.

ખાસ સંયોગાને કારણે વિરોધ કરી રહેલાઓ, પત્રકારો અને જનતાએ પણ આગેવાનોની બાબતમાં એમની મર્યાદાઓ સમજવા અને ખાસ કારણ ન હોય તો દર ગુજર કરવાનો ભાવ કેળવવો રહ્યો.

જ્ઞાતિના સમાજકરણમાં છેલ્લાં કેટલાક વખતથી પૂર્વાગ્રહો અને જૂથ વાદ માજા મૂકતા દેખાય છે તેનું એક કારણ સમાજ જીવનમાં પડેલાઓએ ક્ષમાપનાની આવશ્યકતા અંગે પૂરતો વિચાર નથી કર્યો એ છે.

આશા નહીં શ્રધ્ધા રાખીએ કે વર્ષ ૨૦૧૬ના પર્યુષણ નિમિત્તે સૌ કોઈએ બાબત ધ્યાનમાં લેશે અને સાચા જૈનની જેમ વેરભાવ છોડી મૈત્રીભાવ અપનાવી જ્ઞાતિ એકતા સિધ્ધ કરવા સમજદારીપૂર્વક સક્રિય બનશે.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## અનંતનાથજી ટ્રસ્ટ સાથે સંકળાયેલા જિનાલયોમાં મહાવીર જન્મ નિમિત્તે માતબર ઉછામણી

અનંતનાથજી ટ્રસ્ટ સાથે સંકળાયેલા મસ્જિદબંદરના અનંતનાથ જિનાલય, ભાંડુપના આદેશ્વર જિનાલય તેમજ ઘાટકોપર અનંતછાયાના અનંતનાથ જિનાલયમાં મહાવીર જન્મ અને સ્વપ્ન દર્શનના કાર્યક્રમ શનિવાર તા. ૩-૯-૨૦૧૬ના યોજાયા હતા. જ્ઞાતિ શ્રેષ્ઠીઓ અને જ્ઞાતિજનોએ સ્વપ્નની બોલીમાં ચઢતા ભાવે ભાગ લીધો હતો. અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનશ્રીના પદાધિકારીઓએ આયોજન સારી રીતે ગોઠવવા ઉપરાંત સ્વપ્ન બોલીઓમાં પણ ભાગ લીધો હતો. ભાવિકોના ચઢતા ભાવથી મસ્જિદબંદર અનંતનાથ જિનાલયમાં ૭, ૧૪, ૬૫૮ મણ, ભાંડુપના આદેશ્વર જિનાલયમાં ૨,૮૨,૯૫૯ મણ તથા ઘાટકોપર અનંતનાથ જિનાલયમાં ૪,૮૮,૮૭૩ મણ મળી મણે દેરાસરમાં કુલ્લે ૧૫ લાખ મણ જેટલી ઉછામણી થઈ છે. અનંતનાથ જિનાલયમાં ચઢાવાને પ્રોત્સાહન આપવા જય - નંદુ પધાર્યા હતા.

## અચલગચ્છાધિપતિ પ.પૂ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૮૫મા જન્મદિવસની ઉજવણી

અચલગચ્છાધિપતિ પ.પૂ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નો ૮૫મો જન્મદિવસ શુક્રવાર તા. ૧૬-૯-૨૦૧૬ના છે. વિવિધ સ્થળોએ આ દિનની વિશેષ ઉજવણી કરવામાં આવશે. રાજસ્થાન રામજીકા ગોલ જ્યાં પ.પૂ. આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. બિરાજમાન છે ત્યાંની વિશેષ ઉજવણીમાં સામેલ થવા તેમણે સૌને નિમંત્રણ આપ્યું છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ


# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ
# શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસર અને તેનાં સાધારણ ફંડો
# શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદબંદર જૈન સંઘ

ના આંગણે



# "JAIN FUN-FAIR"
## ધાર્મિક આનંદ મેળા

સૂરિત્રયની કૃપાશિર્ષે પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા. શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૫ ની શુભ નિશ્રામાં 'ધાર્મિક આનંદ મેળા'નું પ્રથમ વાર આપણા જ્ઞાતિમાં આયોજન કરવામાં આવેલ છે. આ મેળો ખાસ બાળકો માટે કરવામાં આવેલ છે.ધાર્મિક જ્ઞાન સાથે ગમ્મત પામવા જરૂરથી પધારશો.




**SNAKES & LADDERS**
સાપસીડી દ્વારા **Moksh** પ્રાપ્તિ



**KARM KILLER**
(Bowling Game)
દ્વારા ૮ કર્મનો ક્ષય



**PRABHU POOJA BY MAGNET**



**MOKSH NI SAWARI**
(In 5 Steps to Get Moksh etc.)

આવી અવનવી વિવિધ ગેમો દ્વારા મેળવીએ ધાર્મિક જ્ઞાન ને માંડીએ પ્રભુ તરફ પા પા પગલી...

| વય મર્યાદા | નોખી-અનોખી ધાર્મિક ગેમો રમાડશે |
|---|---|
| ૫ થી ૨૧ વર્ષના માટે | શ્રી મહાવીર યુવા ગ્રુપ (પાર્લા) |

**રવિવાર, તા. ૨૫.૦૯.૨૦૧૬ બપોરે ૧ થી ૫ કલાકે**

સ્થળ : શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ઉપાશ્રય, મસ્જીદબંદર

પ્રવેશ ફી : રૂા.૩૦/- (વ્યક્તિ દીઠ) અનલિમિટેડ ગેમ્સ

ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**મંગળવાર, તા. ૨૦.૦૯.૨૦૧૬ સુધી રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી**

ધાર્મિક સમિતિ કન્વીનર
શ્રી હીરેન નવીનચંદ્ર લાપસિયા - 09819410399

| | | | |
|---|---|---|---|
| મુંબઇ મહાજન કાર્યાલય | : 022-23448474 | જસ્મીનબેન ધુલ્લા (થાણા) | : 9619074996 |
| ભાંડુપ ઓફીસ | : 022-24951372 | ચેતનકુમાર મોમાયા (ઘાટકોપર) | : 09324058414 |
| હરીશ સાયલા (ડોંબિવલી) | : 09076452243 | મનિષાબેન લાલકા (મુલુંડ) | : 09820545734 |
| કલ્પનાબેન ધરમશી (વાશી) | : 09869121601 | જૈનિશ ધરમશી (વિદ્યાર્થીસંઘ) | : 09819471777 |

ન કદી દીઠેલું, ન કદી માણેલુ, ન કદી કરેલુ



તો ચાલો સૌ તૈયાર થઇ જાવ જોવા, માણવા ને રમવા...




આજે જ રજીસ્ટ્રેશન કરાવો.

# બૃહદ મુંબઈ ક્ષેત્રના તપસ્વીઓની યાદી

**૫૧ ઉપવાસ**
ખુશાલ લખમશી પોલડીયા (બોરીવલી-ડુમરા)
**૩૭ ઉપવાસ**
નિશા ભાવેશ લોડાયા (મસ્જીદ-સુથરી)
**૩૦ ઉપવાસ**
હિના અનીલ નાગડા (ગોરેગામ-જખૌ)
હિરાચંદ કુંવરજી કુરવા (મસ્જીદ-ગોધરા)
લતાબેન કિરીટ કુરવા (ઘાટકોપર-ગોધરા)
મુકુંદ મણીલાલ મોમાયા (ભાંડુપ)
**૨૪+૪ = ૨૮ ઉપવાસ**
સરોજ લાલજી મુનવર (ઘાટકોપર-જખૌ)
**૨૪ ઉપવાસ**
અલ્પાબેન ચેતન લોડાયા (મુલુન્ડ-સાંધવ)
**૨૧ ઉપવાસ**
સુમનબેન ચંપકલાલ ખોના (ડોંબિવલી-રંગપુર)
**૧૭ ઉપવાસ**
અયુષી જયેશ સોની (ભાંડુપ-સુથરી)
ગિતેશ રંજન સોની (ભાંડુપ-સુથરી)
પંકજ ખિમજી ગોસર (ભાંડુપ-બાયઠ)
**૧૬ ઉપવાસ**
બીના નિલેશ મૈશેરી (ડોંબિવલી-વારાપધર)
છાયા પંકજ લાલકા (ગોરેગામ-બેરાજા)
ધારીની દીપક ડાઘા (મુલુન્ડ-વરાડીયા)
ડિંપલ નવીન ખોના (ડોંબિવલી-સુથરી)
હીરલ રૉકી લોડાયા (ડોંબિવલી-સાંધવ)
જીવરાજ ગોવિંદજી લોડાયા (થાણે)
કાશ્મીરા કુલીન મૈશેરી (અંબરનાથ-લાલા)
કેતુલ વીરચંદ પોલડીયા (ડોંબિવલી-બાયઠ)
ખિરેશ પદમશી સાયલા (ડોંબિવલી-તેરા)
કીરીટ કુંવરજી કુરવા (ઘાટકોપર-ગોધરા)
લતા ગિરીશ લોડાયા (ડોંબિવલી-કોઠારા)
મોનીકા ગિરીશ નાગડા (મુલુન્ડ-નલીયા)
નવીન રાયશી મૈશેરી (ડોંબિવલી-બાંડીયા)
પંકજ ધનપતી લોડાયા (ઘાટકોપર-નલીયા)
પ્રફુલ્લા ભરત લોડાયા (ડોંબિવલી-મોટી ખાવડી)
રાજેશ પ્રવિણચન્દ્ર મૈશેરી (ડોંબિવલી-મોટી સિંધોડી)
સરગમ પ્રિતમ લોડાયા (કુર્લા)
સુષમા અશોક લોડાયા (મુલુન્ડ-નલીયા)
ઉમંગ નયન દંડ (ડોંબિવલી-સુથરી)
**૧૧ ઉપવાસ**
ભાવના કલ્પેશ સોની (મુલુન્ડ-સુથરી)
ભાવિની જીગ્નેશ ડાઘા (ડોંબિવલી-વરાડીયા)
દમયંતીબેન વિજય લોડાયા (કુર્લા)
હિરાવંતી હરીશ ખોના (સાંધવ)
કાશ્મિરા ચિમનલાલ ધરમશી (અંબરનાથ-સુથરી)
મીના દિનેશ લાપસીયા (ડોંબિવલી-દલતુંગી)
નિશા હરીશ શિયાડ (ડોંબિવલી-જખૌ)
યામિની દીપક નાગડા (મુલન્ડ-રંગપુર)
**૧૦ ઉપવાસ**
રાયચંદ લધુભાઈ સોની (મુલુન્ડ-સુથરી)
**૯ ઉપવાસ**
અજીત અનિલ શિયાડ (ઘાટકોપર-જખૌ)
અમિત અનિલ શિયાલ (ઘાટકોપર-જખૌ)
આશા રમેશ લોડાયા (ડોંબિવલી-દલતુંગી)
ભાનુમતી જયંતીલાલ ધરમશી (દહીસર-ગોરખડી)
બિંદુ ભરત ગોસર (મલાડ-બાયઠ)
ડિંપલ મનોજ લોડાયા (ભાંડુપ)
હરીશ ખીમજી મોમાયા (ડોંબિવલી-સાંયરા)
હેમા રાજેન્દ્ર નાગડા (ઘાટકોપર-નલીયા)
જયંતીલાલ વીરજી ધરમશી (દહીસર-ગોરખડી)
જયેશ મહેન્દ્ર ધરમશી (માટુંગા-મંજલ)
જીગર કિશોર શિયાડ (ડોંબિવલી-જખૌ)


આયરીસ બેંકવેટ એ.સી. હૉલ
Iris Banquette
Ideal For :
• ENGAGEMENT
• WEDDING
• BABY SHOWER
• CONFERENCE
• GET TOGETHER
• MEETING - SEMINAR &
• ALL JOYOUS OCCASION
• સગપણ વિધિ
• લગ્નોત્સવ
• શ્રીમંત પ્રસંગ
• કોન્ફરન્સ
• ગેટટુગેધર
• મિટીંગ - સેમિનાર
બધા શુભપ્રસંગો માટે આદર્શ
Contact: Arvind Dand (Bayath) - 9892036390
Jayesh Dagha (Varadiya)-9702144031 / 25905257 / 67988758
Add.: Purshottam Kheraj Estate, Dr. Rajendra Prasad Road, Near Gyan Sarita School, Mulund (W), Mumbai - 80.
આપના શુભ પ્રસંગની બધી વ્યવસ્થા આત્મીયતાભાવે સોંપી જવાબદારી મુક્ત થઈ પ્રસંગ માણો

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એકસક્લુઝીવ ડ્રેસ માટે
Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

જીગેશ નરેન્દ્ર મૈશેરી (થાણે-જખૌ)
લહેરચંદ પ્રેમચંદ ધરમશી (ડોંબિવલી-ગોરખડી)
મધુ ખુશાલ ખોના (ડોંબિવલી-કોઠારા)
મીના ભાવેશ નાગડા (ભાંડુપ)
મધુરી ધનરાજ પોલડીયા (મુલુન્ડ-બાયઠ)
પ્રેમાંશુ રાજેશ લાલકા (થાણે-મોટી ખાવડી)
પ્રીત સંજય મૈશેરી (થાણે-મોટી સિંધોડી)
શિવાની ભાવેશ નાગડા (ભાંડુપ)
શ્રેયા કલ્પેશ મોમાયા (મસ્જીદ-વરાડીયા)
સ્મીથ જયચંદ લોડાયા (મસ્જીદ-કોઠારા)
મધુ ખુશાલ ખોના (કોઠારા-ડોંબિવલી)

**સિધ્ધિ તપ**

ધ્વની પ્રિયેશ પીર (ડોંબિવલી-સુથરી)
પુનમચંદ જીવરાજ નાગડા (ડોંબિવલી-નલીયા)

**૮ ઉપવાસ**

અભિષેક વિનોદ ગોસર ((ડોંબિવલી-બારોઈ)
અક્ષય મહેશ મૈશેરી (મુલુન્ડ-રાપર)
અલકા નરેશ મૈશેરી (થાણે-મોટી સિંધોડી)
અલકા હરીશ ધુલ્લા ((મુલુન્ડ-તેરા)
અમિત લક્ષ્મીચંદ લોડાયા (ડોંબિવલી-નલીયા)
અંજલ જેશલ વિકમશી (ગોવંડી-પરજાઉ)
અંજના બિપીન મોમાયા (ડોંબિવલી-સાંયરા)
અંકિત મહેશ લાપસીયા (ઘાટકોપર-રંગપુર)
અનુપમા હિરાચંદ ખોના (ડોંબિવલી-નલીયા)
આર્ય ભાવેશ નાગડા (ગોરેગામ-નલીયા)
આશુ ગૌરવ છેડા (ભાંડુપ-નલીયા)
બીના મનિષ છેડા (ડોંબિવલી-નલીયા)
ભાગ્યવંતી પાસુભાઈ લાલકા (થાણે-મોટી ખાવડી)
ભરત શીવજી પટેલ (મુલુન્ડ-તેરા)
ભારતી દિલીપ નાગડા (ખરડી-રંગપુર)
ભારતી ચિમનલાલ શિયાડ (સાયન-જખૌ)
ભાવેશ દામજી લોડાયા (ભાંડુપ-બાંડીયા)
ભાવેશ ચંદ્રેશ લોડાયા (ઘાટકોપર)
ભાવેશ ધનપતિ મૈશેરી (ડોંબિવલી-મોટી સિંધોડી)
ભાવિની રાજેશ ધરમશી (ડોંબિવલી-રંગપુર)
બીજલ જનક મોમાયા (ઘાટકોપર)
બિન્દી ભારતી દંડ (ડોંબિવલી-નાની ખાવડી)
ચારુલ કમલ લોડાયા (ઘાટકોપર)
ચાર્વિક નિતીન મોમાયા (ભાંડુપ-વરાડીયા)
ચિરાગ લક્ષ્મીચંદ મોતા (ડોંબિવલી-રાપર)
ચિરાગ અરૂણ મોમાયા (મસ્જીદ)
દક્ષિતા અનિલ ધરમશી (ડોંબિવલી-જખૌ)
દર્શિકા દીલીપ ખોના (ડોંબિવલી-સાંધવ)
દીપા લલીત ગોસર (મસ્જીદ)
દીપા રાજેશ ખોના (ડોંબિવલી-નલીયા)
દીપક શાંતિલાલ લાપસીયા (ઘાટકોપર-રંગપુર)
ધર્મેશ અરવીંદ મુનવર (ઘાટકોપર-જખૌ)
ધીરેન હરીશ ખોના (ઘાટકોપર-જખૌ)
ડીંપલ મીતેશ લોડાયા (મુલુન્ડ-રાપર)
દીનેશ કલ્યાણજી લોડાયા (ડોંબિવલી-જખૌ)
દીપીકા સુમીત ધરમશી (મસ્જીદ)
દિપ્તી મયુર લોડાયા (ઘાટકોપર-મોટી ખાવડી)
દિશા કુમાર છેડા (મુલુન્ડ-તેરા)
એકતા ચિરાગ મોમાયા (મસ્જીદ)
ફાલ્ગુની હીતેશ ડાઘા (મુલુન્ડ-વરાડીયા)
ફેનીલ હિરેન લોડાયા (મુલુન્ડ-ધાફા)
ફોરમ મહેશ ધુલ્લા (ડોંબિવલી-ભરૂડીયા)
હાર્દિક મુલચંદ મૈશેરી (ભાંડુપ-મોટી સિંધોડી)
હર્ષ મેઘરાજ મૈશેરી (ડોંબિવલી-જખૌ)
હર્ષા શશિકાંત ખોના (ચિંચપોકલી-મોટી ખાવડી)
હર્ષા પંકજ માલદે (ડોંબિવલી-દલતુંગી)
હર્ષા ધનેશ શાહ (વિરાર-સાંધાણ)
હર્ષા દિલીપ મુનવર (ડોંબિવલી-જખૌ)
હર્ષિકા રાહુલ ખોના (તિલકનગર-જખૌ)
હીના રોનક ખોના (ડોંબિવલી-નલીયા)
હેમલ ચિમનલાલ શિયાડ (સાયન-જખૌ)
હેમાલી સોમચંદ સાયલા (ડોંબિવલી-તેરા)
હેતલ વિશાલ મુનવર (અગાશી-જખૌ)
હીરલ ગુલાબ ધરમશી (થાણે-સાંધાણ)
હિતેન નવિનચંદ્ર દંડ (નાલાસોપારા-ભરૂડીયા)
હિતેશ હિરાચંદ ખોના (ડોંબિવલી-જખૌ)
જાગૃતિ અભય મૈશેરી (ડોંબિવલી-મોટી સિંધોડી)


**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**

**તન મન**
**ટુર એન્ડ ટ્રાવેલ્સ**

**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**

તેરા રાજલક્ષ્મી વાત્સલ્યધામના વધામણા શ્રી ક.દ.ઓ. મહાજન તેરાને નૂતન અતિથીગૃહ તથા પ્રાંગણ ક્રોંકીટીકરણ માટે અભિનંદન ! દાતા પરિવાર વડીલ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા સહ તમામ સહયોગી પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના...
**- ચીમન મોતા** *તન-મન પરિવાર*

**શીખરજીની સર્વ પ્રથમ અને**
**એકમાત્ર આપણી પોતાની**
**★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

જૈનમ તેજસ મુનવર (નેરૂલ-રંગપુર)
જય સુનિલ ખોના (ઘાટકોપર-મોટી ખાવડી)
જય પ્રફુલ મુનવર (ઘાટકોપર-જખૌ)
જયેશ પ્રફુલ નાગડા (મસ્જીદ)
જયશ્રી ઝવેરચંદ ખોના (સાંધવ)
જીગ્નેશ હિરાચંદ મૈશેરી (ડોંબિવલી-બાંડીયા)
જીનલ સુજીત મૈશેરી (ડોંબિવલી-કુઆપધર)
જીતેશ ઝવેરચંદ મૈશેરી (મુલુન્ડ-જખૌ)
કલ્પેશ નિરંજન મોમાયા (મસ્જીદ-વરાડીયા)
કલ્પેશ હિતેન્દ્ર ડાઘા (ડોંબિવલી-દલતુંગી)
કાંતાબેન વિનોદ મોતા (કોઠારા)
કાંતાબેન સતિષ લોડાયા (મુલુન્ડ-મોટી ખાવડી)
કાશ્મિરા હસમુખ લોડાયા (વડાલા-રાપર)
કવિતા મેઘજી ખોના (ડોંબિવલી-ગોરખડી)
કેવલ તારાચંદ વિકમશી (અંબરનાથ-વારાપધર)
કિન્નરી ચંદ્રેશ ખોના (ડોંબિવલી-મંજલ)
કિરણ રાયચંદ લોડાયા (કલવા-સાંધાણ)
કિરણ નારાણજી મોમાયા (ભાંડુપ)
કિરીટ કાંતીલાલ લોડાયા (ડોંબિવલી-દલતુંગી)
કિરીટ મુરજી દંડ (બેલાપુર-લાખણીયા)
કિર્તી સોમચંદ શાહ (મસ્જીદ-ભરૂડીયા)
કિશોર વિસનજી લોડાયા (બોરીવલી-દલતુંગી)
કોમલ મૌલિક લાપસીયા (ડોંબિવલી-કોઠારા)
ક્રિષા ચેતન દંડ (માટુંગા-લાલા)
કૃણાલી ચિરાગ નાગડા (થાણે-વારાપધર)
કૃપા વિશાલ નાગડા (મસ્જીદ)
કુસુમબેન સંજય મૈશેરી (ઘાટકોપર-નલિયા)
લહેરચંદ દામજી લોડાયા (ભાંડુપ-બાંડીયા)
લતા હિતેન્દ્ર ડાઘા (ડોંબિવલી-દલતુંગી)
લક્ષ્મીબેન વિસનજી સોની (મુલુન્ડ-સુથરી)
લીલા નરેન્દ્ર મૈશેરી (પવઈ-જખૌ)
લિંકેશ સંજય મૈશેરી (ડોંબિવલી-ગોધરા)
મધુરીબેન દામજી નાગડા (ડોંબિવલી-નલીયા)
મહેક જિગ્નેશ મોતા (મુલુન્ડ-રાપર)
માનવ વિક્રાંત લોડાયા (ગોરેગામ-મોટી ખાવડી)
મનિષ પ્રતાપ ડાઘા (મુલુન્ડ-વરાડીયા)
મંજુલાબેન નવિનચંદ્ર પોલડીયા (ડોંબિવલી-ડુમરા)
મનોરમા ઉમરશી લોડાયા (મુલુન્ડ-આરીખાણા)
મણશી દિનેશ ધરમશી (ડોંબિવલી-તેરા)
મણશી જયેશ સોની (ભાંડુપ-સુથરી)
મયુર સોમચંદ લોડાયા (ડોંબિવલી-નલિયા)
મીતા રૂપેશ નાગડા (વડાલા-નલિયા)
મિતેશ નરેન્દ્ર ધરમશી (ડોંબિવલી-ભરૂડીયા)
મિતેશ ઝવેરચંદ લોડાયા (મુલુન્ડ-રાપર)
મિત્તલ મહેશ નાગડા (ડોંબિવલી-રાપર)
નમ્રતા હરીશ લાપસીયા (ભાંડુપ-નલિયા)
નયના વિરચંદ ખોના (સાંધવ)
નયના ચિમનલાલ ખોના (માટુંગા-નલિયા)
નિલમ નવિનચંદ્ર લોડાયા (મુલુન્ડ-સાંધવ)
નીતા જયંતીલાલ લોડાયા (મુલુન્ડ-મોટી ખાવડી)
નીતા ચિમનલાલ મૈશેરી (ડોંબિવલી-બાંડીયા)
નેહા રાજેશ લોડાયા (ભાંડુપ-નલિયા)
નેવિલ ભરત પીર (મુલુન્ડ-સુથરી)
નિધિ બંકિમ દંડ (ડોંબિવલી-લુણી)
નિકીતા કુમારપાલ ધરમશી (ડોંબિવલી-સાંયરા)
નિકીતા નિતીન ધરમશી (ડોંબિવલી-સાંધાણ)
નીના રાજેશ લોડાયા (મુલુન્ડ-સુથરી)
નિરવ ધીરેન્દ્ર મોતા (સાયન લાખણીયા)
નીશા પિયુષ ધરમશી (ઘાટકોપર-સાંયરા)
નિતીન કાંતિલાલ લાલકા (ડોંબિવલી-રંગપુર)
નિતીન ધનજી લોડાયા (મુલુન્ડ-મોટી સિંધોડી)
પાર્શ્વ જયેશ દંડ (માટુંગા-લાલા)
પાર્થ ભાવેશ સોની (ભાંડુપ-સુથરી)
પાયલ વીરાજ મોમાયા (ડોંબિવલી-જખૌ)
પાયલ હેમંત વિકમશી (ડોંબિવલી-સુથરી)
પૂજા મુકુલ ધરમશી (થાણે-સુથરી)
પૂજા ખુશાલ સંઘવી (મુલુન્ડ-સાંધવ)
પૂર્વી મોનેશ લોડાયા (મુલુન્ડ-મોટી ખાવડી)
પ્રફુલ વિસનજી મુનવર (ઘાટકોપર-જખૌ)
પ્રજ્ઞા મનોજ દંડ (કલ્યાણ-તેરા)
પ્રણવકુમાર જયંત લોડાયા (ઘાટકોપર)
પ્રેમિલા ઝવેરચંદ ભેદા (મુલુન્ડ-વારાપધર)

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

| | |
|---|---|
| પ્રેરણા નવિન ધરમશી (ડોંબિવલી-ગોરખડી) | સરોજ નીતિન લોડાયા (મુલુન્ડ-સુથરી) |
| રાહુલ તિલકચંદ ધુલ્લા (ઘાટકોપર-બાંડીયા) | શોભના અશોક નાગડા (નેરુલ-રંગપુર) |
| રાહુલ દિનેશ લાપસીયા (ઘાટકોપર-રંગપુર) | સુશિલા પ્રેમચંદ નાગડા (ઘાટકોપર-નલિયા) |
| રાજવંશ રાહુલ મોતા (વાશી-રાયધણજર) | સુજિત મહેન્દ્ર મૈશેરી (ડોંબિવલી-કુવાપધર) |
| રમિલા મોહનલાલ સોની (ભાંડુપ-નલિયા) | સંદીપ રમેશ દંડ (ડોંબિવલી-વરાડીયા) |
| રમિલા ચંદ્રકાંત મૈશેરી (મુલુન્ડ-સાંધાણ) | સુનીલ દિનેશ લાલકા (મુલુન્ડ-નલિયા) |
| રંજન નારાણજી સોની (ભાંડુપ-સુથરી) | તન્મય મનિષ ડાઘા (મુલુન્ડ-વરાડીયા) |
| રેખા ચંપકલાલ માલદે (ડોંબિવલી-દલતુંગી) | તન્વી જગદીશ લોડાયા (ડોંબિવલી-મોટી ખાવડી) |
| રેખા રમેશ નાગડા (ડોંબિવલી-રાપર) | તન્વી હિતેશ પોલડીયા (ડોંબિવલી-ડુમરા) |
| રીચા કિરીટ દંડ (બેલાપુર-લાખણિયા) | તારાબેન મહેન્દ્ર પીર (ડોંબિવલી-સુથરી) |
| રીટા ભરત મોતા (કલવા-કુવાપધર) | તેજલ કિરીટ માલદે (મુલુન્ડ-દલતુંગી) |
| રીટા ચેતન નાગડા (ઘાટકોપર-રંગપુર) | ઉત્તમ વીસનજી લોડાયા (માટુંગા-રાપર) |
| રીયા રાજેશ મૈશેરી (ડોંબિવલી-મોટી સિંધોડી) | વૈશાલી વિપુલ લોડાયા (ડોંબિવલી-વારાપધર) |
| રૂબીન જીતેશ ધરમશી (ડોંબિવલી-સુથરી) | વાલજી લાલજી ધરમશી (મુલુન્ડ-સુથરી) |
| રૂપાલી ધનેશ મોમાયા (માટુંગા-સાંયરા) | વંદના ભદ્રીચંદ દંડ (ડોંબિવલી-નલીયા) |
| સાગર પ્રસન્ના ધરમશી (વાશી-સુથરી) | વિધી નરેશ છેડા (શહાડ-નલિયા) |
| સાગર પ્રદીપ દંડ (ભાંડુપ-લાલા) | વિજય ત્રીકમજી મૈશેરી (થાણે-મોટી સિંધોડી) |
| સલોની કુમાર સોની (મસ્જીદ) | વિક્રમ મનોજ ધરોડ (ડોંબિવલી-ગોધરા) |
| સલોની પંકજ ગોસર (ભાંડુપ-બાયઠ) | શૈલેશ મધુકર મેઘજી મોતા (નલીયા-જાકાર્તા-ઈન્ડોનેશીયા) |
| સરીતા વિરેન મોતા (અંબરનાથ-નલિયા) | હેતલ વિશાલ મુનવર (જખૌ-આગાશી) |



**દૃષ્ટિ પરેશ મોતા**
કોચીન
S.S.C. માં **A+**



**તાન્યા (શિલ્પા) કે. સ્વામીનાથન**
હૈદરાબાદ CBSE CGPA માં **10**
કુસુમ રમેશ ભવાનજી મોમાયા –
વરાડિયા – દેવલાલીની દોહિત્રી

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**નિકિતા કુમારપાળ ધરમશી**
સાંયરા – ડોંબિવલી
T.Y.B.Com (CGPA)
6.43/7 **91.85%**

પ.પૂ. भट्टारक जैनाचार्य श्री जिनेन्द्रसागरसूरीश्वरेभ्यो नमः
॥ શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ॥

જય જય શ્રી અનંતનાથ

## શ્રી મહાકાલી દેવીના ૨૧ વરસ ઉત્સવે આમંત્રણ

શ્રી અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીનો ભક્તિ ઉત્સવ પહેડી ૨૧મું વરસ. આસો સુદ ૨ રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૬ના ઘાટકોપર સભાગૃહ - રાષ્ટ્રીયશાળા સવારે ૮ વાગ્યાથી ૨ વાગ્યા સુધી રાખેલ છે. સૌ ભાવિકોને પૂજન-વંદન-પહેડી પ્રસાદ ભક્તિસંગીત મહાઆરતી દર્શને પધારવા આમંત્રણ.

**૨૧મા વરસના સહયોગી પરિવારો**

**માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી** (પૂના-સુથરી)
**માતુશ્રી દેવકુંવર ગુલાબચંદ ભાટે (ખોના), વિપીન ભાટે** (નાસીક-નલીયા)
**માતુશ્રી ભાનુમતી બાબુભાઈ શાહ, અ.સૌ. પ્રવીણા રમેશ શાહ** (કોચીન-માંડવી)
**કુમારી ઉર્વશી નીતિન કાન્તીલાલ નાગડા** (ડોંબિવલી-જખૌ)

**ભાવભર્યું આમંત્રણ સ્વીકારી ભાવિકો પધારશોજી.**

**ભક્તિસંગીત શ્રી કિશોર મનરાજા અને હંસકુમાર મૈશેરી તથા સાથી કલાકારો**

**નિમંત્રક : ● ૨૧મા વરસના દાતાશ્રીઓ ● યતિશ્રી મોતીસાગરજી મહારાજ ● શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

# સૂનો માળો



વળી એક ઓર લડાઈ.

હંમેશની જેમ વાતમાં કંઈ દમ નહીં, પણ નાનો શો તણખો તરત ચિનગારી બની જાય.

માધવીએ શ્રુતિને કહ્યું, 'જરા કપડાંની ઘડી વાળી નાખ.'

શ્રુતિ 'હં...?' કહીને છાપું વાંચતી રહી.

રસોડામાં કંઈ કામ પતાવી વીસ-પચ્ચીસ મિનિટ પછી માધવી પાછી ફરી તો શ્રુતિ પલંગ પર ઊંધી પડીને કોઈને પત્ર લખી રહી હતી. કપડાંનો ઢગલો એમ જ પડ્યો હતો. માધવીએ મગજની છટકતી કમાનને જેમ તેમ દાબી રાખી.

'શ્રુતિ, પહેલાં આટલાં કપડાં ઘડી કરી નાખ!'

શ્રુતિએ વાંકડિયાં ઝુલ્ફાંથી ઘેરાયેલું એનું નાજુક મોઢું ઊંચું કર્યું. બીજો કોઈ દિવસ હોત તો માધવીને એ ચહેરા પર અત્યંત વહાલ આવત પણ આજે ધૂંધવાયેલા મને એ ચહેરો કેટલો મીઠો લાગી રહ્યો હતો એ સૂઝવા દીધું નહીં.

'કહ્યું ને, કરું છું.'

'આમ ઢગલો પડ્યો રહે એના કરતાં પહેલાં કામ કરી નાખ. પછી તારે જે કરવું હોય તે કર.'

'આટલો પત્ર પૂરો કરીને પછી કરીશ.' શ્રુતિએ દૃઢતાથી જવાબ દીધો.

માધવીને ખ્યાલ આવી ગયો કે પત્રલેખનનું કાર્ય પૂર્ણ થયાં પહેલાં શ્રુતિ કપડાંને હાથ નહીં લગાડે. ન છૂટકે એ પોતાના કામે વળગી ને ખાસ્સા પોણા કલાક પછી ઓરડામાં આવી તો શ્રુતિ નખ રંગી રહી હતી. વણસ્પર્શ્યાં કપડાં ઠેકાણે પડવાની રાહ જોતાં હતાં.

હવે માધવીનો પિત્તો ગયો.

'હજુ તેં કપડાં ઘડી નથી કર્યાં?'

'કરું છું ને? નેઈલ-પૉલિશ સૂકાશે પછી કરીશ.'

શ્રુતિના અવાજમાં નફિકરાઈ હતી. અત્યારે તેના માટે તેના નખ સિવાય બીજું કંઈ મહત્ત્વનું નહોતું.

શ્રુતિના સ્વરની સપાટતાએ માધવીને સૂચવી દીધું કે માએ સોંપેલું કામ કરવું શ્રુતિને બિલકુલ જરૂરી લાગ્યું નથી. દબાવી રાખેલો ગુસ્સો વરાળ જેવા જોશથી વાચાનું ઢાંકણું ખોલતો બહાર નીકળ્યો.

'ઘરમાં જરા કામને હાથ નથી લગાડવો. આખો દિવસ સેર-સપાટા સિવાય બીજું કંઈ સૂઝતું નથી?'

શ્રુતિનાં ભવાં ઊંચકાયાં.

'તને એક વાર કહ્યું કરી નાખીશ, પછી પાછળ શું કામ પડી છે?'

'તું તો રાત સુધી નહીં કરે. મારે ઘર આમ જ અવ્યવસ્થિત રાખવું?'

માધવી અને શ્રુતિની બોલાચાલીનો અવાજ સાંભળી હેમંત ડોકાયો.

'વળી પાછું શું છે?'

'જુઓ ને પપ્પા, મમ્મી કહે છે હમણાં ને હમણાં કપડાં ઘડી કર. ભીની નેઈલ-પૉલિશ સાથે કેમ કરું?'

હેમંતે માધવી સામે જોયું.

'ખરું કહે છે બિચારી. નેઈલ-પૉલિશ સુકાશે એટલે કરશે. શું કામ ધાંધલ કરે છે?'

*વર્ષો ભલે વીતી ગયા કથાનો સાર બાકી છે,*
*નદીના નીર વહે ધીરાં વિસ્તાર બાકી છે.*

'નખ તો એણે હમણાં રંગ્યા. હું એને દોઢ કલાકથી કહું છું. આટલી મોટી છોકરી ઘરમાં કંઈ મદદ ન કરે?'

'પણ પપ્પા, હું ક્યાં ના પાડું છું?'

હેમંતે નારાજગીથી માધવીને કહ્યું :

'બાળક પાસે આમ દુરાગ્રહ શું રાખવો ? પાંચ-દસ મિનિટમાં કયો મોટો ફરક પડી જાય છે?'

માધવીના અહમ્ પર આ વજ્રપાત હતો. તેણે બધાં કપડાં ઊંચકી લીધાં.

'હું જ ઘડી કરી નાખું છું. હૈયું બાળવા કરતા હાથ બાળવા સારા.'

રોષમાં કપડાંની ઘડી વાળતાં માધવી પોતાના ગુસ્સાની આગમાં શ્રુતિના દુર્ગુણોની યાદી હોમી, એને વધુ પ્રજ્જવલિત કરી રહી. સામે પક્ષે શ્રુતિ પણ નારાજ હતી, 'મમ્મીને બધું એ કહે એવું તરત જ થવું જોઈએ. હું તો થોડી વારમાં ઘડી કરવાની જ હતી.' મા-દીકરી વચ્ચે બે કલાક અબોલા ચાલ્યા. બંને પોતપોતાના ઓરડામાં ભરાઈ રહ્યાં.

બપોરે ચા-પાણી માટે માધવી રસોડામાં ગઈ કે પાછળથી આવીને શ્રુતિએ એના ગળા ફરતા હાથ ભેરવ્યા.

'સૉરી મમ્મી. બીજી વાર તું કહેશે ને તરત હું કપડાં ઘડી કરીશ. તારા માટે કૉફી બનાવું ? આપણે બંને સાથે પીએ.'

દસ મિનિટ પછી બંનેના હાસ્યથી વરંડો ગુંજી રહ્યો હતો. શ્રુતિ એના પ્રૉફેસરની નકલ કરતી હતી, ને માધવી ખડખડાટ હસતી હતી. સામે ટેબલ પર શ્રુતિએ બનાવેલી કૉફી ઠરી રહી હતી.

શ્રુતિએ માધવીના જીવનમાં પ્રવેશ કર્યો તે દિવસથી બંને વચ્ચે જે અવલંબિત અને અવલંબનનો રિશ્તો રચાયો હતો એ આટલા વર્ષો પછી પણ હતો, પરંતુ હવે અવલંબિત અને અવલંબનની પાત્રતા નિર્ધારિત નહોતી! શ્રુતિએ સત્તરમા વર્ષમાં પ્રવેશ કર્યા બાદ માતા-પુત્રીના સંબંધમાં એક એવું સૂક્ષ્મ તત્ત્વ ભળ્યું હતું જે બંનેને એકબીજા પર નિર્ભર કરતું. લોહીના સંબંધનું. કુદરતે બાંધેલું એ બંધન હેતની પરિસીમામાં ન રહેતાં મૈત્રીના સીમાડા સુધી વિકસિત થયું હતું. અનેક સમય એવા આવતા જ્યારે બંને એકબીજાને ચાહતી. અન્યોન્યનો સાથ ઝંખતી માત્ર બે નારી બની રહેતી. ઉચ્ચત્વના શિખર પર પહોંચેલા એ સંબંધમાં એક નારીની બીજી નારી પ્રત્યેની સમજશક્તિથી વિશેષ કશું અપેક્ષિત નહોતું. વળી બંનેની સમાન રસ-રુચિને કારણે બંને કોઈ પણ વિષયનો આસ્વાદ સમભાવે લઈ શકતાં. પછી તે કોઈ પુસ્તક હોય કે સંધ્યાકાળે અસ્ત થતો સૂરજ હોય.

આમ છતાં અલગ અલગ પેઢીઓનું પ્રતિનિધિત્વ સંભાળતાં આ પાત્રો વચ્ચે ચકમક ઝરતાં વાર ન લાગતી. એ ચકમકમાંથી નીપજતો તણખો સૂકા ઘાસ પર પડ્યો હોય તેમ બધું ભડ ભડ કરતું સળગી ઊઠતું. લાડમાં ઉછરેલી, સ્વતંત્ર અભિગમ ધરાવતી શ્રુતિ માટે માતાના અમુક વિચારો અપાચ્ય હતા માટે અગ્રાહ્ય હતા. બંને પેઢીઓની વિચારસરણીનો સમન્વય કરવા મથતી માધવી માટે શ્રુતિનું એકતરફી વલણ પીડાકારક બની જતું. શ્રુતિની રોકડું પરખાવવાની આદત ક્યારેક માધવીના અહમ્‌ને એવો તો ક્ષત-વિક્ષત કરી મૂકતી કે એ હેતાળ માતા મટી જઈ ઘડીભર માટે છંછેડાયેલી વાઘણ બની જતી.

માધવીની માતાએ માધવીને ઘરરખ્ખુપણું શીખવ્યું હતું, ભણતરની સાથે ગણતર પણ આપ્યું હતું તેનો વારસો માધવી શ્રુતિને આપવા મથતી હતી પરંતુ શ્રુતિ માટે એમાંનું કશું ગ્રાહ્ય નહોતું. જિંદગી કંઈ ઘરની સાફ-સફાઈ પાછળ વિતાવી દેવા જેટલી સસ્તી થોડી હતી? કલાકોના કલાકો રસોડામાં વીતાવવા માટે તો એણે જન્મ નહોતો જ લીધો. એને તો આકાશની ઊંચાઈને આંબવી

*વાદળ રથ સવાર સૂરજ આવે આંગણે,*
*ધરા કહે થોભ જરા મુજ શૃંગાર બાકી છે.*

હતી, આ દુનિયાને જોવી હતી; જાણવી હતી, જિંદગીની એક એક પળને માણવી હતી.

સૌથી વધુ જીભાજોડી શ્રુતિના ઓરડાની સફાઈની બાબતમાં થતી. એનો ઓરડો એટલે મુસાફરખાનું જોઈ લો! હેમંતે એમની આ લાડકડીનો ઓરડો ખાસ ગૃહસુશોભનકારને રોકીને સજાવેલો. સજાવટ કરનાર એ વ્યક્તિ હવે શ્રુતિનો રૂમ જુએ તો એને એના કસબની દુર્દશાના આઘાતથી ક્ષેત્રસંન્યાસ લેવાનો વિચાર આવી જાય. પલંગ પર પુસ્તકો પડ્યાં હોય, તો લખવાના મેજ પર ચોપડીઓ કપડાંના ઢગલા નીચે દબાયેલી હોય. ખુરશીનો ઉપયોગ બેસવા માટે ભાગ્યે જ થતો. પેન્ડોરાના ખોખા જેવી એ ખુરશી પરથી પરફ્યુમ, લિપસ્ટીક કે પેનથી માંડીને ભાતભાતની કેસેટ જેવી અનેક ચીજો મળી આવતી. રૂમના એક ખૂણામાં બેફિકરાઈથી હડસેલાયેલા બૂટ પડ્યા હોય તો બીજા ખૂણામાં મોજાં ધૂળ ખાતાં હોય. એવી તો એ પ્રખર સંગ્રાહક કે એક વર્ષ પહેલાં ખાધેલી ચોકલેટનો કાગળ, કોણ જાણે ક્યારે ખવાયેલી બબલગમના રેપર સાથે મેજના ખાનામાં પડ્યો હોય. માધવીના માથા પર સફાઈનું ભૂત સવાર થાય ત્યારે તે રૂમ સાફ કરવા શ્રુતિની પાછળ પડતી પણ સોમાંથી અઠ્ઠાણુ વખત બીજે દિવસે માધવીએ જ બધું વ્યવસ્થિત મૂકવું પડતું.

ગૃહકાર્યની બાબતમાં શ્રુતિ પર માધવી કરતાં હેમંતનો પ્રભાવ વિશેષ હતો. તે અત્યારના તબક્કે શ્રુતિ માટે આ બધું શીખવાની આવશ્યકતા નહોતો જોતો. તે માધવીને પણ કહેતો, ‘પતંગિયા જેવી આ છોકરીને શું કામ ઘરેડમાં બાંધવાની કોશિશ કરે છે? ઊડવા દે ને એને એની રીતે?

માધવી હજુ થોડાં વધુ વર્ષ પોતાની રચનાને વધુ ને વધુ પૂર્ણતા તરફ લઈ જવા મથામણ કરતી રહેત પરંતુ લાગે છે કુદરતને એ મંજૂર નહોતું. શ્રુતિને દાક્તરીના અભ્યાસ માટે છેક સાંગલીની કોલેજમાં પ્રવેશ મળ્યો. હવે એણે ત્યાંની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાનો હતો. હેમંત અને માધવી માટે આ અણધાર્યો ઘા હતો. ફૂદાની જેમ કુદકતી શ્રુતિ તો ઘરનો પ્રાણ હતી. એના વિનાના સૂના ઘરમાં શેં રહેવાશે? હૈયું ગમે તેટલું ચચરે, કારકિર્દી માટે શ્રુતિને સાંગલી મોકલ્યા સિવાય બીજો કોઈ આરો નહોતો.

બે જ અઠવાડિયા પછી શ્રુતિની કોલેજ શરૂ થતી હતી, ને એ પંદર દિવસમાં કેટલું બધું કરવાનું હતું? યુનિવર્સિટીમાંથી સર્ટિફિકેટ લેવાનાં, મિત્રોને મળવાનું, ખરીદી પતાવવાની.... જવાનો દિવસ આવ્યો ત્યાં સુધી ત્રણેને હંમેશની જેમ સાથે બેસી ગપ્પાં મારવાનો ભાગ્યે જ સમય મળ્યો. પેકિંગની બધી જવાબદારી શ્રુતિએ મા પર નાખી હતી એટલે માધવી યાદ કરી કરીને એની જરૂરિયાતની ચીજો એકઠી કરી રહી. જવાના બે દિવસ આગળ શ્રુતિને સાથે લઈને એણે સૂચવેલા ફેરફાર સાથે સાથેનો સામાન વ્યવસ્થિત રીતે ભરીને માધવીએ ત્રણ બેગ તૈયાર કરી. તે છતાં છેક નીકળવાના સમયથી થોડા કલાક પહેલાં શ્રુતિ પુસ્તકોની થપ્પી, બે જોડી પગરખાં, ફોટાનું આલ્બમ, ત્રણ સુંવાળાં રમકડાં ને સાથે ન લેવાનાં નક્કી કરેલાં કપડાંમાંથી બે જોડી કપડાં લઈને માધવી પાસે આવી,

‘મમ્મી, આ બધું પણ પેક કરવાનું છે હં?’

‘શ્રુતિ, તારે આ બધું પહેલાં આપવું જોઈએ ને? હવે બધું ફરીથી ગોઠવવું પડશે.’

‘હજુ એક બેગ લઈ લે.’ શ્રુતિએ તરત ઉપાય સૂચવ્યો.

માધવી અત્યારે જવાને દિવસે એની સાથે ખટપટમાં ઉતરવા માગતી નહોતી. એટલે એણે સૂચવ્યું તેમ બીજી બેગ લઈ એમાં બધું ભરી દીધું. અન્ય કોઈ દિવસ હોત તો એ જરૂર બબડાટ કરત ‘બીજી બેગમાં ભરી દે બોલ્યા એટલે થઈ ગયું? માળિયા પરથી બેગ ઉતારવી પડશે. એમાંનો સામાન ખાલી કરી ને આ ભરવો પડશે. ને હજુ તો

*બંસીના સૂર ગૂંજે હલકે હલકે હવામાં,*
*સાંજના સજે નૂપુરનો ઝણકાર બાકી છે.*

કેટલું કામ બાકી છે!'

ટ્રેનમાં બેઠા પછી યે માધવીની ફિકર ઓછી નહોતી થઈ.

'બહારની કચરપટ્ટી બહુ ખાતી નહીં. તબિયત બગડશે.'

'પૈસા સંભાળીને વાપરજે. ખોટા ખર્ચા કરતી નહીં.'

વળી યાદ આવ્યું, 'પૈસા સાચવીને રાખજે. ઘણી હોસ્ટેલમાં ચોરી થતી હોય છે.'

'મમ્મી, હવે હું બાળક નથી. મને મારી સંભાળ રાખતાં આવડે છે.' કહી શ્રુતિ વિરોધ ન નોંધાવત તો માધવીને અટકવાનું સૂઝત નહીં. હેમંતે પણ ટીખળ કરી.

'માધવી એમ કર ને શ્રુતિ સાંગલી હોય તેટલો સમય તું પણ એક ઘર ભાડે લઈ ત્યાં રહી જા. શ્રુતિનું ધ્યાન રખાશે ને તારું પાણીબદલ થશે.'

માધવીએ સલાહ-સૂચન આપવાનું છોડ્યું પણ મનની ચિંતા જરાયે ઓછી નહોતી થઈ. આ નફિકરી છોકરી કેમ કરીને બધું સંભાળશે ?

સાંગલી પહોંચ્યા પછી કોલેજ અને હોસ્ટેલનું સુંદર વાતાવરણ જોઈ હેમંત અને માધવીને ઘણી રાહત થઈ. શ્રુતિ ઉત્સાહથી બધે ઘૂમી વળી. પાછાં આવીને એણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો, 'મને લાગે છે મને અહીં મજા આવશે.' પછી તો દિવસ આખો નાનાં-મોટાં કાર્યો પતાવવામાં વીતી ગયો ને સાંજે હેમંત-માધવી માટે પાછાં જવાનો સમય આવી ગયો. છૂટા પડવાની એ ઘડી કઠિન હતી પણ બંને પક્ષે મન મજબૂત રાખ્યું. સ્ટેશન સુધી સાથે જવાના શ્રુતિના આગ્રહને નકારી હેમંત-માધવી એકલાં જ ગયાં. બંને ખામોશ હતાં. બંનેની આંખો કોરી હતી પણ મન પર બોજ હતો. શાળા-કોલેજ સાથેના પ્રવાસ સિવાય ભાગ્યે જ એમનાથી છૂટી પડેલી દીકરી વિના એકલા જવું દુષ્કર હતું.

માધવી માટે આ અઢાર અઢાર વર્ષોથી એના મન-પ્રાણને જકડી રાખનાર બાલિકા વિના જીવન નિર્જન અરણ્ય સમું ભેંકાર હતું. માધવીના જીવનની પળેપળ પર શ્રુતિએ એવું આધિપત્ય જમાવ્યું હતું કે એના અચાનક સરકી જવાથી એને પોતે ધરી વિનાની પૃથ્વી જેવી ભાસવા લાગી. હવે કોની ફરતે આ ભ્રમણ ?

માધવીના અતિ વેગે દોડતા મનને આંબવા મથતી હોય તેમ ટ્રેન પૂર વેગે ભાગી રહી હતી. મુંબઈ તો જાણે તરત આવી ગયું. ઘરે પહોંચતા અનાયાસે એના પગ સીધા શ્રુતિના ઓરડા તરફ વળ્યા. અધુકડા ઢાંકેલા દરવાજાને હળવે હાથેથી હડસેલીને તે અંદર દાખલ થઈ, ને અચાનક સ્તબ્ધ બનીને ત્યાં જ ખોડાઈ ગઈ. એના ગળામાંથી જાણે ચીસ નીકળી,

'સાવિત્રીબાઈ.....'

કામવાળી બાઈ દોડતી આવી.

'આ બધું તેં કર્યું ?'

'બધી ચીજો જેમ તેમ પડી હતી એટલે મેં રૂમ સાફ કર્યો.'

'પણ તને કોણે ડહાપણ કરવાનું કહ્યું હતું ?' માધવીના અવાજમાં આક્રોશ હતો.

શાબાશીને બદલે ઠપકો મળતાં બાઈ ખભા ઉલાળતી ચાલી ગઈ. માધવી રૂમને તાકતી ઊભી રહી ગઈ. એ શ્રુતિ પાસે જે વ્યસ્થિતતા ચાહતી, - ને એના માટે હંમેશાં માથાકૂટ કર્યા કરતી - તેવી જ સ્વચ્છતા અને સુઘડતા બધે છવાયેલી હતી. છતાં આ રૂમ કેટલો પારકો હતો ? સ્વચ્છતામાં એની શ્રુતિ ક્યાંક ખોવાઈ ગઈ હતી. વ્યવસ્થિતતા ચારે બાજુથી એના પર ધસીને એને ગૂંગળાવવા લાગી. અકથ્ય બોજ નીચે ભીંસાતી એ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

**- ચંદ્રિકા લોડાયા**

*હંસોની હાર ઊડે દૂર આઘેરા મલકમાં, મંઝિલ ટૂંકડી મધુર ઉદ્ગાર બાકી છે.*
*મોહ માયા લપેટે કિન્તુ ક્યારેક, સુષ્મણા સ્પર્શે સહસ્રાર બાકી છે.*

*- માણેકજી લોડાયા*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા મુલુન્ડમાં રહેતા કે.ડી.ઓ. જ્ઞાતિજનોને દવાની ખરીદી પર Health Saverz ના સહકારથી વિશેષ છૂટ આપવામાં આવશે. આ યોજના મુજબ પહેલી બે વખતની દવાની ખરીદી (ઓછામાં ઓછી રૂા. ૭૫૦ની ખરીદી) પર ૨૫% ટકા અને ત્યારબાદ ૨૦% ટકાની છૂટ આપવામાં આવશે. દવાની ખરીદી માટે Health Saverz ના હેલ્પલાઈન નં. 022-61691584 પર મિસ્ડ કોલ કરવાનો રહેશે. Health Saverz માંથી કોલ આવશે. જોઈતી દવા માટે કોઈ પણ M.B.B.S., MD, MS, BBS, BAMS, MSG ડોક્ટરનું લેટેસ્ટ ઓરીજીનલ પ્રિસ્ક્રિપસન હોવું જરૂરી છે. સંપર્ક ગુલાબ કલ્યાણજી મૈશેરી - 9833609098, ભરત મુલજી મૈશેરી - 9820058048.

ચૈત્ય પરીપાટી : શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ દ્વારા પર્યુષણ પર્વબાદ 2 x 2 A/c બસ દ્વારા તા. ૧૩-૧૦ થી ૧૬-૧૦-૨૦૧૬ દરમ્યાન બારસી તીર્થ, પરાન્દા તીર્થ, સોલાપુર, અષ્ટવિનાયક મંદીર, ડોંડ મંદિર, ચેવત જૈન મંદિર, કલશ મંદિર (તળેગાંવ)ની ચૈત્યપરીપાટીનું આયોજન કરવામાં આવેલ છે. યાત્રા પ્રવાસનું બુકીંગ મંડળના કાર્યાલયમાં રવિવાર સવારના ૧૧ કલાકેથી ૧૨.૩૦ કલાક દરમ્યાન કરવામાં આવશે. જેનો નકરો મેમ્બર માટે રૂા. ૩૫૦૦/- અને નોન મેમ્બર માટે રૂા. ૩૮૦૦/- રાખવામાં આવેલ છે. વધુ વિગત માટે સંપર્ક : હંસકુમાર દામજી મૈશેરી - 9820167799, હિતેશ લક્ષ્મીચંદ શાહ - 9323141139.

### નવકાર જાપ મણકો ૩૬

શ્રીયુક્ત જયંતભાઈ રાહી દ્વારા નવકાર જાપનો ૩૬મો મણકો તા. ૧૮-૯-૨૦૧૬ને રવિવાર, અનંતસિધ્ધ, શેઠશ્રી નરશી નાથા સભાગૃહ મધે યોજવામાં આવેલ છે.

આયોજક શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ અને બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર. સંપર્ક : કુમાર બાબુભાઈ દંડ - 9920436414.

### સુરત

ડૉ. સાધ્વી દેવરક્ષિતાશ્રીજી મ.સા. M.A. M. Phill, P.h.D ની નિશ્રામાં સુરત શ્રી અચલગચ્છી મારવાડી સંઘમાં પ્રતિક્રમણ હોય કે પૌષધ, તપ હો કે જપ પ્રવચન હોય કે શિબિર, આરાધના હોય કે અનુષ્ઠાન સાધારણની બોલી હોય કે દેવદ્રવ્યની સુરતવાસી ખૂબજ ઉલ્લાસભેર લાભ લઈ રહ્યા છે. સ્વપ્નઘૃત ૪૯ લાખ, ૭૫ હજાર, ૪૫૩ થયેલ છે.

### જ્ઞાતિની નિયાણી ભાવના શેઠને મહારાષ્ટ્ર રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર



શ્રીમતી નિર્મલા લક્ષ્મીચંદ ધરમશી (મંજલ રેલડીયા)ના સુપુત્રી ભાવના શેઠને સમસ્ત મહારાષ્ટ્ર રાજ્ય સ્તરે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો પુરસ્કાર મેળવનાર ૧૦૯ શિક્ષકોમાં સ્થાન પ્રાપ્ત થયું છે. હાલમાં જ તેમને ઈશાન મુંબઈના સાંસદ કિરીટ સોમૈયા અને મુલુંડના વિધાન સભ્યને હસ્તે દોણાચાર્ય પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો.

### યવતમાલમાં પર્યુષણ ઉજવણી

શ્રી અછલગચ્છ કચ્છી જૈન સંઘ, યવતમાલના શ્રી કુંથુનાથ ગૃહ જિનાલયમાં હર્ષોઉલ્લાસથી પર્યુષણ પરિપૂર્ણ થયેલ છે. આરાધના કરાવવા આર્યરક્ષિત વિદ્યાપીઠના મુંબઈથી સૌ. હેમલતાબેન વિસનજી દેઢીયા (અંબરનાથ) તથા સૌ. પ્રભાબેન દેવરાજ ગોસર (દિગ્રસ) આવેલ.

શ્રી કલ્પસૂત્ર શ્રી સોમચંદ ભાણજી લાલકા (અમલનેર) અને શ્રી વીર પ્રભુનું પારણું વિધીકાર ચિરાગભાઈ ખુશાલ સંગોઈએ પધરાવેલ. શ્રી વીરચંદ જેઠાભાઈ મૈશેરી પરિવારે ''શ્રી સ્વામીવાત્સલ' કરાવેલ. આ પર્વ દરમયાન ૨૫૬૫૧ મણની આવક થયેલ છે.

### કોઈમ્બતુર મહાજનની વાર્ષિક સામાન્ય સભા

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુરની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧-૮-૨૦૧૬ને રવિવારના શ્રી કે.ડી.ઓ. ભવન, સાઈબાબા કોલોની ખાતે યોજાઈ હતી.

પ્રમુખ શ્રી પ્રદિપભાઈ લોડાયાએ આવેલ સભ્યોનું સ્વાગત કરેલ. માનદમંત્રી શ્રી લીતિનભાઈ લોડાયાએ થયેલા કાર્યક્રમોની જાણ વિસ્તારપૂર્વક કરેલ.

આગામી વર્ષ ૨૦૧૬થી ૨૦૧૯ ત્રણ વર્ષ માટે ૧૧ કમિટી સભ્યોની નિમણુક થઈ : ૧) શ્રી પ્રદિપ રતિલાલ લોડાયા - પ્રમુખ ૨) શ્રી ડેની ચીમનલાલ લાલકા - ઉપપ્રમુખ

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૪-૧૬ | મુલુંડ | સિયોના, અર્પિતા અમિત મુલચંદ લાલકા | નલિયા | પુત્રી |
| ૨૩-૦૮-૧૬ | ડોમ્બીવલી | લાયષા, રિધ્ધી ચિંતન ભરત ધનજી હેફા | સુથરી | પુત્રી |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૭-૧૬ | અંકલેશ્વર | મિતેષ નવીનચંદ લોડાયા | લાલા | - |
| | લાતૂર | સોનલ નરેન્દ્ર દંડ | લાખાણિયા | - |

### લગ્ન છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૫-૧૬ | વડાલા | ભાવિક ગિરીશ કાનજી દંડ | લાખાણિયા | ૨૭ |
| | સાયન | આકાંક્ષા પ્રદીપકુમાર સુરેકા | જયપુર | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૯-૧૬ | અગાશ | રાયચંદ ડુંગરશી મુલજી નાગડા | પરજાઊ | ૬૮ |
| ૦૪-૦૯-૧૬ | ડોમ્બીવલી | પ્રતાપભાઈ રાયચંદ છેડા | સુથરી | ૬૬ |
| ૦૫-૦૯-૧૬ | ન્યુયોર્ક | નેણબાઈ નાયક જેઠાભાઈ | કોઠારા | ૧૦૦ |

---

૩) શ્રી લીતિન નવિનચંદ્ર લોડાયા - માનદ્‌મંત્રી, ૪) શ્રી ભવિક કીર્તિ મોમાયા - સહ માનદ્‌મંત્રી, ૫) શ્રી નયન અનિલ નાગડા - ખજાનચી ૬) શ્રીમતી પ્રીતિ નિતિન લોડાયા - સહ ખજાનચી, ૭) શ્રી સંજય હિરાચંદ ખોના, ૮) શ્રી જીતેન ચીમનલાલ દંડ, ૯) શ્રી નિશિત કમલેશ નાગડા, ૧૦) શ્રી મનિષ ભરત લોડાયા, ૧૧) શ્રીમતી કિન્નરી ભાવેશ લોડાયા.

શ્રી મયુર અનિલ હિરાચંદ નાગડાનો જન્મદિવસ હોવાથી સ્વામી વાત્સલ્યનો લાભ તેમના પરિવારે લીધેલ.

### શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ કોઈમ્બતુરની વાર્ષિક સભા

શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ કોઈમ્બતુરની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧-૮-૨૦૧૬ને રવિવારના શ્રી કે.ડી.ઓ. ભવન, સાઈબાબા કોલોની ખાતે યોજાઈ હતી. ટ્રસ્ટી શ્રી પ્રદિપભાઈ લોડાયાએ સૌનું સ્વાગત કર્યું હતું.

આગામી વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ માટે પાંચ ટ્રસ્ટીઓની સર્વાનુમતે નિમણુક કરવામાં આવેલ : ૧) શ્રી નીતીન કાનજી લોડાયા (મેનેજીંગ ટ્રસ્ટી), ૨) શ્રી પ્રદિપ રતિલાલ લોડાયા, ૩) શ્રી લીતિન નવિનચંદ્ર લોડાયા, ૪) શ્રી અનિલ દેવશી ડાઘા, ૫) શ્રી ભાવેશ દિનેશ લોડાયા.

### કોઠારામાં ઘેર ઘેર જઈ ક્ષમાપના મંગાઈ

શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા આજે પણ વર્ષો પુરાણી પરંપરા જાળવી રાખવામાં આવી છે. પર્યુષણ મહાપર્વ પૂરા થતાં છઠ્ઠનાં દિવસે મંડળનાં કાર્યકરો ઢોલ-શરણાઈથી વાજતે-ગાજતે મિચ્છામિ દુક્કડમ્ કરવા ઘરો ઘર જઈ પહોંચ્યા હતા. વેર-ઝેરની ભાવના ત્યજી સમાજના દરેક પરિવારોનાં ઘરે જઈ ક્ષમાયાચના પાઠવી હતી.

શ્રી રાયચંદ લોડાયા, વિરચંદ ધરમશી, દિનેશ અજાણી, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, પ્રબોધ મુનવર, વર્ધમાન લોડાયા, દીનેશ મોતા, ચંદ્રકાંત લોડાયા, મુલચંદ મુનવર, ગુલાબ લાપસીયા, હરિશ નાગડા તથા સર્વે કાર્યકરો અને ભાઈ-બહેનો વિશાળ સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા.

**સુધારીને વાચવું :** પ્રકાશ સમીક્ષાના અંક નં. ૩૬માં ત્રીજા પાનાની જાહેર ખબરમાં પ્રથમ ફકરામાં **આપણી સંસ્કૃતિ**ની જગ્યાને અપીલ સંસ્કૃતિમાં છપાયું છે તે સુધારીને વાચવું.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

શ્રી અનંતનાથાય નમઃ ।।


# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
# શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસર અને તેનાં સાધારણ ફંડો
# શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદબંદર જૈન સંઘ



ના આંગણે

## "JAIN FUN-FAIR"
## 'ધાર્મિક આનંદ મેળા'

સૂરીત્રયની કૃપાશિર્વે **પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ.સા.શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કનકગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા – ૫ ની શુભ નિશ્રામાં **''ધાર્મિક આનંદ મેળા''**નું પ્રથમ વાર આપણા જ્ઞાતિમાં આયોજન કરવામાં આવેલ છે. આ મેળો ખાસ બાળકો માટે કરવામાં આવેલ છે. ધાર્મિક જ્ઞાન સાથે ગમ્મત પામવા જરૂરથી પધારશો.



Snakes & Ladders (સાપસીડી) દ્વારા Moksh પ્રાપ્તિ



Prabhu Pooja by Magnet



Karm Killer (Bowling Game) દ્વારા ૮ કર્મનો ક્ષય



Moksh Ni Swari - (In 5 step get Moksh) etc.

આવી અવનવી વિવિધ ગેમો દ્વારા મેળવીએ ધાર્મિક જ્ઞાન ને માંડીએ પ્રભુ તરફ પા પા પગલી....

**વય મર્યાદા ૫ થી ૨૧ વર્ષના માટે**

નોખી-અનોખી ધાર્મિક ગેમો રમાડશે
**શ્રી મહાવીર યુવા ગ્રુપ (પાર્લા)**

**રવિવાર, તા. ૨૫-૦૯-૨૦૧૬ બપોરે ૧ થી ૫ કલાકે**

**સ્થળ :** શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ઉપાશ્રય, મસ્જીદબંદર

**પ્રવેશ ફી :** ૩૦/- (વ્યક્તિ દિઠ) અનલિમિટેડ ગેમ્સ

ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**(મંગળવાર, તા. ૨૦-૦૯-૨૦૧૬ સુધી રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી)**

-: રજીસ્ટ્રેશન માટે :-

| | | | |
|---|---|---|---|
| મુંબઈ મહાજન કાર્યાલય | : 022-23448474 | જસ્મીનબેન ધુલ્લા (થાણા) | : 09619074996 |
| ભાંડુપ ઑફિસ | : 022-24951372 | ચેતનકુમાર મોમાયા (ઘાટકોપર) | : 09324058414 |
| હરિશ સાયલા (ડોમ્બીવલી) | : 09076452243 | મનિષાબેન લાલકા (મુલુંડ) | : 09820545734 |
| કલ્પનાબેન ધરમશી (વાશી) | : 09869121601 | જૈનીશ ધરમશી (વિદ્યાર્થી સંઘ) | : 09819471777 |

ન કદી દીઠેલું, ન કદી માણેલુ, ન કદી કરેલુ
તો ચાલો સૌ ત્યાર થઈ જાવ જોવા, માણવા ને રમવા...

**આજે જ રજીસ્ટ્રેશન કરાવો.**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (12-9-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Monday / Tuesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## દારે-એ-સલામમાં વસવાટ પણ જાળવ્યા ધર્મ સંસ્કાર આપણાં, માસ ક્ષમણ તપની ભાવભરી અનુમોદના



**માસ ક્ષમણ**
પ્રારંભ : તા. ૬-૮-૨૦૧૬
સમાપન : તા. ૬-૯-૨૦૧૬

મોટી ખાવડી
હાલ : દારે-એ-સલામ
ટાંઝાનીયા, આફ્રિકા

## ચિ. દિપક પ્રફુલચંદ્ર શાહ (લોડાયા)

ધન્ય તમારી તપશ્ચર્યા, અર્જિત ઘણા પુણ્ય કર્યા
માસ ક્ષમણ તપની આરાધના કરી, તિર્થંકરોએ દાખવેલ માર્ગે અનુસર્યા

**અનુમોદના સ્વીકારો અમારી....**

દાદાણા : શ્રી લધુભાઈ જીવરાજ લોડાયા પરિવાર (મોટી ખાવડી)
માતાપિતા : શ્રીમતી તારાબેન પ્રફુલચંદ્ર જીવરાજ લોડાયા (દારે-એ-સલામ)
ભાઈ : ચિ. સંદિપ ધીરજલાલ શાહ (લોડાયા) (લંડન) • ચિ. ચેતન પ્રફુલચંદ્ર શાહ
ભાઈ-ભાભી : સૌ. હેમલ ચેતન પ્રફુલચંદ્ર શાહ • સૌ. એકતા ભારત પ્રફુલચંદ્ર શાહ (આસ્ટ્રેલિયા)
ભત્રિજા/ભત્રીજી : કુ. ભક્તિ - ચિ. જીનલ ચેતન શાહ
કાકા-કાકી : સૌ. મીનાક્ષી ધીરજલાલ લધુભાઈ શાહ (લંડન) • ફોઈ-ફૂવા : સૌ. ધનલક્ષ્મી રમેશ દંડ (ઘાટકોપર)
નાનાણા : શ્રી રતિલાલ જાદવજી નાગડા પરિવાર, મુલુંડ (નલીયા)
મામા-મામી : સૌ. આશા પ્રફુલ નાગડા • સૌ. હિના કમલેશ નાગડા



**ચિ. તાન્યા શિલ્પા સ્વામી નાથન**
શ્રીમતી કુસુમ રમેશ ભવાનજીની દોહિત્રી
(વરાડીયા - દેવલાલી)
**Chi. Tanya Shilpa Swami Nathan**
Grand Daughter of Smt. Kusum Ramesh Bhavanji Momaya (Varadia - Deolali)

## Congratulation ! અભિનંદન !

**Tanya,** You have laid sound foundation of bright career by passing CBSE Secondary School Examination with Excellent Results.

*Let sky be limit for your ambition and the success*

Mother - Father : **Smt. Shilpa Swami Nathan**
Grand Parents : **A. Kuppuraj** & **A. Ponni**
Paternal Uncle - Aunty : **K. Shanmugham** & **Revathi**
Maternal Grand Parents : **Smt. Kusum Ramesh B. Momaya**
**Damyanti Hiralal Momaya • Khetbai Hirachand Momaya**
Mausi - Mausa : **Smt. Mona Harsh Kotak**
**Smt. Heena Harish Bhate • Smt. Jalpa Bharat Shah**
Mama : **Chandrasen Momaya**
Mami - Mama : **Smt. Meena Jitendra Momaya**
Cousins : **Sangamitra, Preetam, Devarsh, Devansh, Rohan, Jhanvi, Kunjan, Parth**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,